# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબાર યાદી:-

## શ્રી રામ ટાઉનશીપ (સ્માર્ટ ઘર-૧) અને શ્રી લક્ષ્મણ ટાઉનશીપ (સ્માર્ટ ઘર-૩)ની કુલ ૩૮ દુકાનોની હરાજી:૩૧ દુકાનોનું વેંચાણ: રૂ. ૬.૨૩ કરોડની આવક: મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ

### એક દુકાનની હાઈએસ્ટ કીમત ૫૦ લાખ મળેલ છે

તારીખ: ૧૯-૦૨-૨૦૨૦

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મવડી વિસ્તારમાં બનાવવામાં આવેલ શ્રી રામ ટાઉનશીપ (સ્માર્ટ ઘર-૧) અને શ્રી લક્ષ્મણ ટાઉનશીપ (સ્માર્ટ ઘર-૩)ની કુલ ૩૮ દુકાનોની આજે તા. ૧૯-૦૨-૨૦૨૦ રોજ હરાજી કરવામાં આવી હતી. કુલ ૩૧ દુકાનોનું હરાજી દરમ્યાન વેંચાણ થયેલ છે. આ દુકાનોની હરાજીથી મહાનગરપાલિકાને કુલ ૬.૨૩ કરોડની આવક થયેલ છે. આ હરાજીમાં એક દુકાનની હાઈએસ્ટ કીમત ૫૦ લાખ મળેલ છે, જેમાં અપસેટ પ્રાઈસ ૧૬.૪૦ થી ૧૯.૯૦ લાખ રાખવામાં આવેલ હતી, તેમ મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલએ જણાવેલ હતું.

આ જાહેર હરાજી તમામ અરજદારો માટે રાખવામાં હતી. જેમાં ૮૬ અરજદારોએ ભાગ લીધો હતો. હરાજીમાં ભાગ લેવા માટે એક લાખ રૂપિયા ડીપોઝીટ રાખવામાં આવી હતી. જે અરજદારોએ રૂ. એક લાખ રોકડાં અથવા બેંક ડીમાન્ડ ડ્રાફ્ટથી ડીપોઝીટ ભરી હરાજીમાં ભાગ લીધો હતો. ડીપોઝીટની રકમ હરાજી પુર્ણ થયે સ્થળ ઉપર જ પરત આપવામાં આવી હતી.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા



